આજના યુગમાં સાધનની બોલબાલા વધી છે... સાધનાની નહીં.. એટલે સાધના જન્ય શક્તિ માણસમાં વિકસીત થતી નથી
- **એસ. ભટ્ટાચાર્ય**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૨ | ૨૨ જૂન, ૨૦૧૪, રવિવાર; જેઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિઝસ

### ● વાહન-ઘરની લોન સસ્તી થશે

ઘરનુંઘર અને પોતાનું વાહન



ખરીદવા માગતા લોકો માટે આનંદના સમાચાર છે. ટુંકાગાળામાં જ વાહન અને ઘર પર મળતી બેન્ક લોન સસ્તી થવાની શક્યતાઓ જણાઈ રહી છે. વિદેશી હૂંડીયામણનો પ્રવાહ વધતા બેન્કોની લિક્વિડિટી વધી છે.

### ● યાહૂના વપરાશકારો ૪૩ કરોડે પહોંચ્યા

વિશ્વમાં યાહૂના વપરાશકારો દિન-પ્રતિદિન વધી રહ્યા છે. વાર્ષિક ૩૦ ટકાના દરે યાહૂનો વિકાસ થઈ રહ્યો છે.




મોબાઈલના વપરાશકારો વધ્યા હોવા છતાં યાહૂના વપરાશકારોની સંખ્યામાં ઘટાડો આવ્યો નથી. યાહૂના વપરાશકારો ૪૩ કરોડે પહોંચ્યો હોવાનો અંદાજ છે.

### ● બાળ ગુન્હેગારને મૃત્યુદંડ આપી શકાશે નહી

બળાત્કાર-હત્યા સહિતના



અતિ ગંભીર અપરાધોમાં સામેલ સગીર અપરાધીઓ સામે બાળ અદાલતમાં કેસ ચાલવાના બદલે હવે સામાન્ય અદાલતમાં ભારતીય ફોજદારી ધારાની કલમો હેઠળ કેસ ચલાવી શકાશે પરંતુ સગીર અપરાધીને અન્ય સામાન્ય અપરાધીની જેમ મૃત્યુ દંડ આપી શકાશે નહી.

# જિલ્લામાં આરોગ્ય-સ્વચ્છતા માટે જનજાગૃતિ અભિયાન

## દરેક શાળામાં બાળ-અદાલતો અને પોરા શોધક સ્પર્ધાનું આયોજન કરવા માટે કલેક્ટરની તાકીદ



રે પંખીડા સુખથી ચણજો - પક્ષી જગતના ભોળા પક્ષી તરીકે હૃદયસ્પર્શી કબૂતરને ચણતા જોવાનો અનેરો લ્હાવો છે... માત્ર લ્હાવો છે એમ નહીં પણ પૂણ્ય પણ છે... આજે પણ આપણી સંસ્કૃતિમાં પંખીઓને દાણા નાખવાની પરંપરા અકબંધ છે... ગ્રામ્ય સંસ્કૃતિમાં તો ગામની વચ્ચો-વચ્ચ ચબૂતરો અચૂક હોય... અને શહેરી સંસ્કૃતિમાં પણ કેટલાય સ્થાનો પર પોળના નાકે, સોસાયટીની વચ્ચે કે સેક્ટરના ચોકઠાઓમાં કોઈ એક ખૂણે કબૂતર માટે જાર અને બાજરી વિશિષ્ટ રીતે પાથરવામાં આવે છે... આ છે આપણી સંસ્કૃતિની પરાકાષ્ઠા... વસુધૈવ કુટુંમ્બકમ્‌ની ભાવના ચરિતાર્થ કરવાનો આ પાવન માર્ગ છે... જીવો અને જીવવા દો એ મંત્ર મહિમા અભિવ્યક્ત કરતું આ દશ્ય જીવનની સાર્થકતાનું અભિન્ન પ્રકરણ છે... ભૌતિક સુખ-સુવિધા માટે સવારથી સાંજ દોડતો અને દોડાવતો માણસ એક બે ઘડી ઉભા રહીને અબોલ કબૂતરોને બે ચપટી દાણા પાથરે... અરે, પાથરે નહિ તો પાથરેલા નિહાળે તો પણ આંતરિક સમૃદ્ધિમાં વધારો થાય... કરૂણા અને કૃતજ્ઞતાનો ભાવ જીવનને તરબતર કરે છે... આજે જરૂર છે ભૌતિક સમૃદ્ધિ કરતાં આંતરિક સમૃદ્ધિની... આવો આપણે સૌ કરૂણામય દશ્યોના નિર્માણના નિમિત્ત બની ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

ગાંધીનગર, તા. ૨૧

આગામી ચોમાસુ જાય તે પહેલાં આરોગ્ય વિષયક અને સ્વચ્છતા અભિયાનને લઈ અનોખુ જનજાગૃતિ અભિયાન યોજવાનું આયોજન કરવા માટે તંત્રના અધિકારીઓને જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે સૂચવ્યું છે.

આજે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં આ બે મહત્વના વિષયોને આવરી લઈ તેમણે આયોજનની રૂપરેખા કેવી હોવી જોઈએ તેની પણ વિસ્તૃત વાતો કરી હતી.

ડૉ. સ્વરૂપે જિલ્લાની દરેક પ્રા. શાળામાં પોરા શોધક સ્પર્ધાનું આયોજન કરવા જણાવ્યું હતું. જેથી વાહક જન્ય રોગચાળાના ભડામાંથી લોકોને બચાવી શકાશે. મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોની જાણકારી પણ લોકોને થશે અને તેને પગલે વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય તે માટે પંચાયતો અને લોકોની ભાગીદારી વધશે.

તેમણે એવુ પણ સૂચન કર્યુ હતું કે જિલ્લા શાળાઓમાં સ્વચ્છતા અભિયાનને અસરકારક બનાવવા માટે બાળ-અદાલતોનું આયોજન કરવું જોઈએ. જેનાથી ન્યાયપ્રક્રિયા શું છે તેની સમજ બાળકોને મળશે. આ બાળ અદાલતમાં સ્વચ્છતાના મુદ્દે જ કેસો ચલાવાય જેથી સ્વચ્છતા અભિયાન પણ લોક અભિયાન બની ઉભરશે.

તેમણે એવો સંકેત આપ્યો હતો કે રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનપૂર્વે સ્વચ્છતા અંગેનું વિશેષ અભિયાન યોજવાનું છે અને તેથી આરોગ્ય અને સ્વચ્છતા મિશનને સાથે જોડી સંકલિત રીતે આખુ જનજાગૃતિ અભિયાન યોજવામાં આવે તે જરૂરી છે.

જિલ્લા સંકલન સમિતિમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને પણ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આગામી દિવસોમાં યોજવામાં આવનાર મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની વિસ્તૃત વિગતો સાથેની જાણકારી આપી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ સ્વચ્છતા એ ટેવ બને તે અભિયાનનો મુખ્ય વિષય રહેવો જોઈએ નહિ તો આવા અભિયાનનો માત્ર અભિયાન બની ને જ રહી જશે. આ માટે જ બાળકોને તેમાં જોડવા જોઈએ જેથી સ્વચ્છ ગુજરાત અને સ્વસ્થ ગુજરાતની રચનાનો માર્ગ મોકળો થશે.

# સંકલન સમિતિમાં ગેરહાજર રહેનાર અધિકારીઓને નોટીસ અપાશે

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લા સંકલન સમિતિમાં ગેરહાજર રહેનારા અધિકારીઓને નોટીસ આપી ખુલાસા પુછવા જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે આદેશો કર્યા છે.

આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સંકલન સમિતિમાં બે થી ત્રણ અધિકારીઓ ગેરહાજર જણાયા હતા. જિલ્લા સંકલન સમિતિ અતિ મહત્વની હોવાથી અધિકારીઓએ હાજરી આપવી ફરજીયાત હોય છે.

ત્રણ મહિના બાદ આજે સંકલન સમિતિની બેઠક મળી હતી. સંકલન સમિતિની બેઠકમાં કલેકટરશ્રીએ અધિકારીઓને જણાવ્યું હતુ કે એક કરતાં વધુ ખાતાને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિન ઉજવાશે

## મહાત્મા મંદિર ખાતે પમીથી ૯મી જાન્યુઆરી દરમિયાન શાનદાર કાર્યક્રમ યોજાશે

## રાષ્ટ્રપિતાની આફ્રિકાથી ભારતના વાપસીના ૧૦૦ વર્ષની ઉજવણી થશે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં આગામી વર્ષે પ્રવાસી ભારતીય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આનું આયોજન કરવા હિલચાલ શરૂ થઈ ચુકી છે. પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પાંચમી જાન્યુઆરીથી ૯મી જાન્યુઆરી ૨૦૧૫ સુધી આનું આયોજન કરવામાં આવશે. ભારતમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની વાપસીની શતાબ્દીની ઉજવણી કરવામાં આવનાર છે. વડાપ્રધાનની ઓફિસે પણ આ કાર્યક્રમ યોજવા માટે ગુજરાત સરકારની દરખાસ્તને લીલી ઝંડી આપી દીધી છે. પ્રવાસી ભારતીય દિવસની દર વર્ષે ૯મી જાન્યુઆરીના દિવસે ઉજવણી કરવામાં આવે છે. દેશના વિકાસમાં વિદેશી ભારતીય સમુદાયમાં યોગદાનને ઉજવવા માટે આની ઉજવણી કરવામાં આવે છે. આ જ દિવસે ૨૦૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં પરત ફર્યા હતા અને ભારતમાં સ્વતંત્રતા સંગ્રામની લડાઈમાં જોડાયા હતા. ભારતવાસીઓના જીવનને બદલી નાંખવા અને દેશને આઝાદ કરાવવા તેઓ લડતમાં સામેલ થયા હતા.

ગુજરાત સરકારના નોન રેસીડેન્સ ઈન્ડિયન (એનઆરઆઈ) ડિવીઝનમાં સુત્રોનું કહેવું છે કે, આ ભવ્ય કાર્યક્રમની તૈયારી શરૂ થઈ ગઈ છે. ભારત સરકારના વિદેશી બાબતોના મંત્રાલય અને ગુજરાત સરકાર દ્વારા સંયુક્ત રીતે આનું આયોજન કરાયું છે. ગુજરાત ૨૦૦૩માં તેની શરૂઆત થયા બાદ પ્રથમ વખત આનું આયોજન કરશે. ૨૦૧૩માં રાજ્યના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત સૂચન કર્યું હતું કે, પ્રવાસી ભારતીય દિવસની દક્ષિણ આફ્રિકાથી મહાત્મા ગાંધીની વાપસીના ૧૦૦ વર્ષને ઉજવવા ઉજવણી થવી જોઈએ.

GPSC (1/2) Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
CSAT/GS 351 કુલ જગ્યાઓ
પરીક્ષા તારીખ 12.10.2014
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
મહેસાણા / ગાંધીનગર નવી બેચ શરૂ થવાની વિગત
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

| સોમ થી શુક્ર | | શનિ / રવિ | |
|---|---|---|---|
| 20.6.14 | સવારના 8-15 થી 10-15 | 21.6.14 | સવારના 8-45 થી 11-45 |
| 04.7.14 | સવારના 10-30 થી 12-30 | 05.7.14 | બપોરના 12-00 થી 03.00 |
| 26.6.14 | બપોરના 4-15 થી 6.15 | 28.6.14 | બપોરના 3.15 થી 6.15 |
| 02.7.14 | સાંજના 6-30 થી 8-30 | 12.7.14 | સાંજના 6-30 થી 9-30 |

માસ્ટર કોર્ષ-2014
તલાટી / કલાર્ક (વર્ગ-૩ માટે જ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
સોમ થી શુક્ર ચાર (4) માસનો કોર્ષ

| | | | |
|---|---|---|---|
| 20.6.14 | બપોરના 12-45 થી 2-15 | 27.6.14 | બપોરના 2-30 થી 4-00 |

TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, બિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607

**એન્જિનિયર જોઈએ છે**
ગાંધીનગરની જાણીતી કન્સ્ટ્રક્શન કંપની માટે બિલ્ડીંગના કામના અનુભવી એવા મીનીમમ ૫ વર્ષના અનુભવી, ડીગ્રી / ડીપ્લોમા હોલ્ડર એન્જિનિયરની જરૂર છે. ગાંધીનગર તથા આસપાસના ગામમાં બિલ્ડીંગના કામ માટે
સંપર્ક : ૯૮૯૮૧૨૫૪૫૬, ૯૦૯૯૯ ૩૬૦૯૦

**ગ્રીન એગ્રો સોલ્યુસન્સ**
ગ્રીન હાઉસ, નેટ હાઉસ, ટપક સિંચાઇ, કોલ્ડ સ્ટોરેજ અને કોન્ટ્રાક્ટ ફાર્મીંગ માટે સંપર્ક કરો.
સબસિડી - લોન માટેનું પુરતુ માર્ગદર્શન મળશે.
M. 8866012342
M. 8866512342

**લગન વિષયક**
ટુંક સમય માટે આવેલ અમેરિકન સીટીઝનશીપ ધરાવતા લેઉવા પટેલ યુવક ઉ.વ. ૩૮, નિર્દોષ ડાયવોર્સી માટે ઉચ્ચ જ્ઞાતિની, સંસ્કારી યુવતી. રસ ધરાવતા વાલીઓએ સંપર્ક સાંજના ૬-૦૦ વાગ્યા પછી કરવા વિનંતી.
મો. નં. ૯૯૭૯૦ ૮૨૯૫૭

Sample House Ready...
Turns the tune of your life style
2 & 3 BHK living space and shops
શિવાલય RESIDENCY



Site : SHIVALAY RESIDENCY, Reliance Infocity Road, Nr.Pramukh Arcade, Kudasan, Gandhinagar.
Project by : S. R. Infrastructure
Exclusive Sales Partner : tps The Property Shop
Call : 98980 29451
76000 99959
97236 71067

કેશવપાર્ક સોસાયટી
(વાવોલ-ગાંધીનગર)
રેસીડેન્સીયલ પ્લોટ્સ
૧૧૦, ૧૨૦, ૧૫૦ વારના પ્લોટ્સ (નેટ કારપેટ)
4 BHK મકાન
૧૦૬ વારનો પ્લોટ (કારપેટ) તેમજ ૧૮૦ વાર બાંધકામ કારપેટ
-: સ્થળ :-
કેશવપાર્ક સોસાયટી, શુભમ રેસીડેન્સની પાસે, વાવોલ-કોલવડારોડ, વાવોલ, ગાંધીનગર.